# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

જાન્યુઆરી-એપ્રીલ ૨૦૦૯ વર્ષ ૨ અંક ૧ પૃષ્ઠ ૮ મૂલ્ય રૂા. ૨/-

જ્યારે કોઇ માણસ જગભરમાં ભ્રમણ કરે ત્યારે તેને ધ્યાનમાં આવે છે કે માણસ અહીંથી તહીંથી એક વિલક્ષણ સ્તરે સ્વભાવધર્મમાં સરખો જ છે. પછી ભલે તે અમેરિકાનો, ભારતનો કે ઓસ્ટ્રેલિયાનો હોય. ખાસ કરીને કૉલેજ તેમજ વિદ્યાપીઠોની બાબત એ એકદમ ખરૂં છે, કે સુરક્ષા મેળવવાની બાબતમાં, કંઇક બનવાની બાબતમાં ઓછામાં ઓછી બુધ્ધિ વાપરી ખુશી મેળવવાની બાબતમાં જેઓ ને રસ છે. એવા પ્રકારના માણસોને આપણે વિદ્યાપીઠના યંત્રમાંથી બહાર પાડીએ છીએ.

આપણી પારંપારિક શિક્ષણ પધ્ધતિએ સ્વતંત્ર બુધ્ધિ જેવી બાબતને ઘણી જ અઘરી કરી મૂકી છે. કશાની સાથે બંધબેસતા થઇ જવાથી સામાન્યપણું આવે છે. સમાજથી જુદા થવું, પરિસ્થિતિની વિરુધ્ધ જવું એ સરળ નથી. ખાસ કરીને જયાં સુધી તમે યશનો પીછો કરતા રહો છો તે વિશેષ કરીને ધોકાદાયક બને છે. ઐહિક કે આધ્યાત્મિક બાબતમાં ઇનામની પુરવણી કરવી, એટલે યશની તીવ્ર ઇચ્છા સેવવી, આંતરીક કે બાહ્ય સુરક્ષિતતા શોધવી સુખસગવડની આશા સેવવી આ બધી પ્રક્રિયા તમારી ઉત્કંઠાને નહીવત કરી નાખે છે. ઉત્કટતાનો અંત આવે છે અને ભય નિર્માણ થાય છે. ભય જીવનની સુજ્ઞતાને અટકાવે છે. વય વધતા મન અને હ્રદય મંદ પડતું જાય છે.

સુખસગવડતાની પાછળ પડવાથી આપણને એક શાંત ખૂણો મળી જાય છે કે જેમાં કોઇ સંઘર્ષ નથી હોતો પછી તે ખૂણામાંથી બહાર આવતા આપણે ડરીએ છીએ. આમ જીવવાનો ડર, દોડધામ કરવાનો ડર, નવા અનુભવનો ડર. આપણામાં રહેલી સાહસની હિંમતનો નાશ કરે છે. આપણા સંપૂર્ણ ઉછેર, શિક્ષણ અને આપણી નજીકના લોકોની વિરુધ્ધ જવાનો ડર આપણી અંદર નિર્માણ કર્યો છે અને અધિકાર અને ખોટા માનસન્માન આપવાનું શીખવ્યું છે.

નસીબજોગે ઘણા થોડા લોકો તડફડ કરનાર છે. જેઓ ડાબા જમણાનો પૂર્વગ્રહ ના રાખતા સમસ્યાને તપાસવા માટે તૈયાર છે. પરંતુ આપણામાંથી મોટાભાગના લોકોમાં અસંતોષની ખરી લાગણી નથી, બંડખોરી નથી, જેથી કરીને વસ્તુસ્થિતિને સમજતા નથી અને પરિસ્થિતિ સામે નમતું જોખે છે. ત્યારે સામનો કરવાની વૃત્તિ નષ્ટ થાય અને આપણી જવાબદારીનો અંત આવી જાય છે.

લડાઇ બે પ્રકારની છે. એક હિંસક લડાઇ જેમાં તાત્કાલિક પરિસ્થિતિને સમજ્યા વગર પ્રતિક્રિયા જ હોય છે; અને બીજી સંપૂર્ણ પ્રજ્ઞા સભર માનસિક લડાઇ છે. એવા અનેક લોકો છે કે જેઓ પ્રસ્થાપિત સનાતન મતની વિરુધ્ધ બંડ પોકારે છે; પરંતુ તેઓ નવી શ્રધ્ધા, નવા ભ્રમ અને પોતાની અંદર છુપાયને રહેલી પોતાની ઉપભોગની ઇચ્છાની તૃપ્તિમાં સપડાય છે. સર્વસાધારણ પણે એવું બને છે કે આપણે એક સમાજ, એક મંડળ કે કોઇ આદર્શોને છોડી બીજામાં ભળીએ છીએ. બીજા આદર્શોનો સ્વીકાર કરીએ છીએ. પ્રતિક્રિયાએ નવા વિરોધનું નિર્માણ કરે છે. અને એ સુધારાને વળી નવા સુધારાની જરૂર પડે છે.

પરંતુ એક ડહાપણ ભરેલું બંડ હોય છે જે પ્રતિક્રિયા નથી. જે 'સ્વ' જ્ઞાન અને પોતાના વિચાર અને ભાવનાના અવધાનમાંથી ઉદ્ભવે છે. જ્યારે આપણે, નવા અનુભવ આવે તે પ્રમાણે તેની સામે જઇએ છીએ અને તેમાં આવતી અડચણોને ટાળવાનો પ્રયત્ન ન કરતા આપણી પ્રજ્ઞાને જાગૃત રાખી નવા પડકારને ઝીલીએ છીએ ત્યારે તે બંડ ઉદ્ભવે છે. અને જ્યારે પ્રજ્ઞા તેના ઉચ્ચતમ્ સ્વરૂપમાં હોય છે ત્યારે ત્યાં અંત:પ્રેરણા હોય છે. જીવનમાં તેજ એક માત્ર માર્ગદર્શક બને છે.

હવે આ આયુષ્યનો અર્થ શું ? આપણે શા માટે જીવીએ છીએ, લડીએ છીએ ? જો આપણને ગૌરવ પ્રાપ્ત કરવા માટે, અધિક પ્રાવિણ્ય પ્રાપ્ત કરવા માટે બીજાને હરાવવા માટે શિક્ષિત કરવામાં આવતા હોય તો આપણું આયુષ્ય વ્યર્થ અને પોકળ છે. જો આપણને વૈજ્ઞાનિક બનાવવા માટે પ્રખર વિદ્વાન બનાવવા માટે પુસ્તકો સાથે બાંધી દેવામાં આવતા હોય કે જ્ઞાની થવાની ચટક લાગી હોય, વિશેષજ્ઞ બનાવવા માટે જ કેળવવમાં આવતા હોય તો આપણે વિશ્વમાં દુ:ખ અને સર્વનાશ ને આમંત્રિત કરી રહ્યા છે.

આયુષ્યને વિશાળ અને ઉચ્ચ સંદર્ભ હશે; પણ આપણે જો તેની શોધ ના કરીએ તો આપણા શિક્ષણનું મૂલ્ય શું ? જો આપણે ઉચ્ચકક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કર્યુ હોય, પરંતુ આપણામાં વિચાર અને ભાવનાની એકાત્મતા ન હોય તો આપણું જીવન અપૂર્ણ. પરસ્પર વિરોધોથી અને ભયથી પછડાયેલું હશે. શિક્ષણ જો જીવનના દૃષ્ટિકોણમાં એકાત્મતા લાવી શકતું ના હોય તો તેવા શિક્ષણનો જૂજ અર્થ છે. આપણી અર્વાચીન સંસ્કૃતિમાં આપણે જીવનને અનેક વિભાગોમાં વિભાજિત કરી નાખ્યું છે. આથી કરી એક વિશિષ્ટ તંત્ર કે વ્યવસાય શીખવવાની પેલે પારના શિક્ષણનું ખાસ કોઇ મહત્ત્વ નથી. વ્યક્તિમાં પૂર્ણ પ્રજ્ઞા જાગૃત કરાવવાને બદલે વ્યક્તિને યંત્રવત બનવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. તેથી કરીને આપણે સ્વયં એક સંપૂર્ણ પ્રક્રિયા રૂપ છીએ એની ઓળખમાં અવરોધ ઊભો કરીએ છીએ. જીવનની અનેક સમસ્યાને જુદાજુદા સ્તરે ઉકેલવાનો પ્રયત્ન એટલે તે સમસ્યાને જુદા જુદા વર્ગમાં તારવવી. આમાં સમસ્યાના આકલનનો સંપૂર્ણ અભાવ છે.

વ્યક્તિ અનેક ઘટકોની બનેલી છે. પણ તેને અલગ કરીને કોઇ વિશિષ્ટ ઘટકને પ્રગતિનું મહત્ત્વ આપવું એટલે ગૂંચવણ અને પરસ્પર વિરોધનું નિર્માણ કરવું એવું થાય. શિક્ષણે તે જુદાજુદા ઘટકોની એકાત્મકતા સાધવી જોઇએ. સકલતાનાં ભાવ સિવાય જીવન એ દુ:ખ અને સંઘર્ષની ઘટમાળા બની જાય. જો વકીલ ઝઘડા અને વિવાદને વધારવામાં જ મદદ કરતા હોય તો વકીલાતના શિક્ષણનું મૂલ્ય શું? શિક્ષણ મેળવી આપણે ગૂંચવણમાં ગૂંચવાયેલા રહીએ તો એવા શિક્ષણનું મૂલ્ય શું ? યંત્રજ્ઞાન તેમજ વ્યવસાયિક ક્ષમતાનો ઉપયોગ જો એકબીજાનો નાશ કરવા માટે થતો હોય તો તેનો સંદર્ભ શું ? આપણા અસ્તિત્વનો હેતુ જો ફક્ત હિંસા અને દુ:ખ તરફ લઇ જનાર હોય ? આપણી પાસે ધન હોય, ધન કમાવવાની આપણામાં ક્ષમતા હોય, સુખ આપણા પગમાં ઓળટતું હોય અને આપણી પાસે આપણે પ્રમાણિત ધર્મ હોય છતાં પણ આપણે અંતવિહીન ઘર્ષણમાં જ જીવી રહ્યા છીએ.

આપણે વ્યક્તિગત (Personal) તેમજ વ્યક્તિ (Individual) એ વચ્ચેનો ફરક સમજવો જોઇએ. વ્યક્તિગત યોગાયોગ પ્રાપ્ત થયેલો એટલે જન્મથી જ પ્રાપ્ત થયો છે. જેમ કે આપણો જે વાતાવરણમાં

ઉછેર થયો છે. રાષ્ટ્રીયતા, આપણી શ્રધ્ધા, વર્ગભેદ, પૂર્વગ્રહ વગેરે જે વ્યક્તિગત યોગાનુયોગ આપણામાં આવ્યો છે તે ક્ષણિક છે. છતાં આ બધી બાબત જીવનભર આપણી સાથે રહે છે. આજની શિક્ષણપધ્ધતિ વ્યક્તિગત તત્ત્વો અને યોગાનુયોગ આવતી બાબત પર આધારિત છે. આથી તે વિચારોને વિકૃત કરીને સ્વરક્ષણના ભયનું પોષણ કરે છે.

શિક્ષણ અને વાતાવરણ, આપણા સર્વને વ્યક્તિગત ફાયદા, સ્વરક્ષણ, પોતાને માટે દોડધામ કરવી એનું પ્રશિક્ષણ આપે છે. સુંદર શબ્દોમાં છાવરવામાં આવે છતાં પણ આપણને પધ્ધતિબધ્ધ વ્યવસાય માટેનું શિક્ષણ આપવામાં આવે છે. જે શોષણ અને સંચિત વસ્તુના રક્ષણ માટે ના ભય પર આધારિત છે. આ શિક્ષણે આપણામાં અને વિશ્વમાં ગૂંચવાડો અને દુઃખનું અટળ નિર્માણ કર્યુ છે, કારણ કે તે પ્રત્યેક મનુષ્યમાં માનસિક બધ્ધતા તૈયાર કરે છે. જે તેને બીજાથી જુદા પાડે છે અને દૂર કરે છે.

પણ શિક્ષણ એ ફક્ત મનને પ્રશિક્ષિત કરવાની બાબત નથી. પ્રશિક્ષણ દક્ષતા લાવે છે. પણ પૂર્ણતા આણતું નથી. પ્રશિક્ષિત મન ભૂતકાળને ચાલુ રાખે છે. આવું મન નૂતનની શોધ કરી શકતું નથી. માટે ખરું શિક્ષણ શું છે એ શોધી કાઢવા માટે આપણે જીવનના સંપૂર્ણ અર્થને શોધી કાઢવો જોઇએ.

આપણામાંથી ઘણા બધાને સંપૂર્ણ જીવનની પ્રાથમિકતાનું કોઇ મહત્ત્વ નથી. અને આપણું શિક્ષણ દ્વૈતના મૂલ્યને મહત્ત્વ આપે છે. જેથી કરીને જ્ઞાનની કેટલી સાખામાં આપણે નિષ્ણાત બનીએ છીએ. જ્ઞાન અને પ્રાવીણ્યની આવશ્યકતા છે છતાં તેના પર મુખ્ય ભાર આપવો એનો અર્થ કે ગૂંચવાડાને તેમજ ઘર્ષણને માર્ગ આપવા જેવું છે.

પ્રેમથકી ઉત્કટ થયેલું એક પ્રાવીણ્ય હોય છે જે પેલે પાર જાય છે તે મહત્ત્વકાંક્ષા ભરેલા પ્રાવીણ્ય કરતાં ઘણું મહાન છે. પ્રેમ જેના થકી જીવનના સાફલ્યનું આકલન થાય છે. એ સિવાયનું શિક્ષણ નિર્દયતાને જન્મ આપે છે. વિશ્વભરમાં પ્રત્યક્ષપણે એજ ઘટી નથી રહ્યું ? આપણું આજનું શિક્ષણ ઉદ્યોગ અને યુધ્ધ તરફ ખેંચી લઇ જઇ રહ્યું છે. તે માટે જ તેનું લક્ષ્ય નિપૂણતા વધારવા માટેનું છે; અને આપણે નિર્દય સ્પર્ધા અને પરસ્પરનો નાશ એની યંત્રણામાં ફસાઇ ગયા છીઓ . શિક્ષણ યુધ્ધ તરફ દોરી જતું હોય, નાશ કરો કે નષ્ટ થઇ જાઓ એવું જ જો શીખવતું હોય તો તેવું શિક્ષણ અપેક્ષિત નથી ને ?

ખરું શિક્ષણ પ્રાપ્ત કરવું હોય તો સંપૂર્ણ જીવનનો અર્થ સમજવો જોઇએ એ દેખીતું છે; અને તે માટે આપણે વિચાર કરવો જોઇએ, સતત વિચાર કરવાની વાત નથી પણ પ્રત્યક્ષ પણે ખરેખર વિચારવું જોઇએ. સતત વિચાર કરતી વ્યક્તિમાં વિચાર જેવું કશું નથી હોતું કારણ કે તે પધ્ધતિ સાથે પોતાને જોડી દે છે, ફક્ત શબ્દોની જ પુનરુક્તિકરતી હોય છે અને યંત્રવત વિચાર કરતી હોય છે. આપણે આપણા અસ્તિત્વને કલ્પના કરીને કે સિધ્ધાંત પ્રમાણે સમજી શકીએ નહીં. જીવન વિશેનું આકલન એતો સ્વયં નું આકલન છે, અને એજ શિક્ષણની શરુઆત અને અંત છે.

શિક્ષણ એટલે ફક્ત જ્ઞાન અને માહિતી એકત્ર કરવી એમ નથી. માહિતી ભેગી કરવી અને વાસ્તવિકતા સાથે સંબંધ બતાવવો એમ નહીં; શિક્ષણ એટલે આવા જીવનનો સંપૂર્ણપણે અર્થ શોધવો. પણ પૂર્ણતા તેના અંશોને જોવાથી આવતી નથી. જેને માટે સરકાર ધાર્મિક સંસ્થા અધિકારવાદી પક્ષ પ્રયત્ન કરે છે.

શિક્ષણની પ્રક્રિયાથી જો આપણે સ્વનાશ કરતા હોઇએ તો પછી શિક્ષણમાં સારું શું રહ્યું ? વિધ્વંસ કરતા યુધ્ધોની માલિકા ? એક પછી એક યુધ્ધ આવતું હોય ત્યારે જે પધ્ધતિથી આપણે આપણા બાળકોનો ઉછેર કરીએ છીએ તેમાં મૂળભૂત રીતે આપણે ભૂલ કરીએ છીએ એ સ્પષ્ટ વર્તાય છે. મને લાગે છે કે આપણામાંથી અનેક લોકોને તેની ખબર છે. પણ તેનો તોડ કેવી રીતે કરવો તે ખબર નથી.

*એજ્યુકેશન એન્ડ ધ સિગ્નિફિકન્સ ઓફ લાઇફ, પ્ર ૧*

---

# વાર્ષિક સંમેલન ૨૦૦૮

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયાએ આયોજીત કરેલ વાર્ષિક સંમેલન આ વર્ષે કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રીમાં તા. ૧૮ થી ૨૨ નવેમ્બર દરમિયાન આયોજીત કરવામાં આવ્યું હતુ. સંમેલનમાં ભારતના વિવિધ રાજ્યોમાંથી તેમજ પરદેશમાંથી પણ લોકો આવ્યા હતા. લગભગ ૨૨૫ જેટલા અભ્યાસુએ હાજરી આપી હતી. આ સંમેલનનું વૈશિષ્ટ એ છે કે, કૃષ્ણમૂર્તિના વિચારના અભ્યાસુ મિત્રો જે આજે અનેક વર્ષોથી અભ્યાસ કરે છે. એવા સમવિચારી મિત્રો અરસપરસને મળવા માટે એકત્ર થાય છે. તેમજ કેટલાંક નવા જિજ્ઞાસુ મિત્રો જેઓ કૃષ્ણમૂર્તિના વિચારોનો અભ્યાસ કરવા ઇચ્છે છે, જેને કંઇક માર્ગદર્શન મળે એવી આશાથી આ સંમેલનમાં આવે છે.

આ વર્ષે સંમેલનમાં ચર્ચાનો વિષય હતો. ''મનુષ્ય અને નિસર્ગનો સંબંધ'' અને આ વિષયના અભ્યાસ માટે શરુઆતમાં જ આગંતુકોને છાપેલી સામગ્રી આપવામાં આવી હતી.

સંમેલનની શરુઆત તા.૧૯ નવેમ્બરે સવારે ૯.૩૦ના સમયે શ્રી કિશોર ખૈરનારે લોકોનું સ્વાગત કરી અને સંમેલનની રૂપરેખા સમજાવી હતી.

ત્યાર પછી ૧૦ વાગ્યે આ વિષયના સંબંધમાં કૃષ્ણમૂર્તિના વિચારોની ફિલ્મ બતાવવામાં આવી.

અને પ્રો. પી. કૃષ્ણાએ ૧૧.૩૦ આ વિષયમાં એક પ્રવચન આપ્યું ને કહ્યું કે કુદરતમાં સંપૂર્ણ વ્યવસ્થા (complete order) છે. પણ માનવી ચેતનામાંથી તે નહીવત થઇ ગઇ છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી એની સમજ આપી ત્યાર પછી એ વિષયમાં નિસર્ગના સંબંધથી મનુષ્ય શા માટે દૂર થતો જાય છે એ વિચારને સમજવા પ્રશ્નોતર કરવામાં આવ્યા.

બીજા દિવસે તા.૨૦મી નવેમ્બરે ફાઉન્ડેશનના સેક્રેટરી શ્રી એસ.પી.કંદાસ્વામી એ માનવી સમસ્યાના મૂળમાં મનુષ્યનો નિસર્ગ સાથેનો તૂટતો સંબંધ કારણભૂત છે. મનુષ્ય પણ નિસર્ગનો જ એક ભાગ છે એની વિશદ સમજ આપવાનો પ્રયત્ન કર્યો. નિસર્ગની અનંતતા, ગણના અને નિસર્ગની નિર્મળતા અને સુજ્ઞતા આ ત્રણ સૂત્રો મનુષ્યના જીવન જીવવાના અવભિાજ્ય અંગ હોવા જોઇએ. આજના મનુષ્યની અનેક સમસ્યાના મૂળમાં મનુષ્યે પોતાના અંગત સ્વાર્થ માટે નિસર્ગનો નાશ કર્યો છે. ત્યાર પછી શ્રોતાની સાથે કરેલા સવાલજવાબમાં વસ્તુસ્થિતિને ગહનતાથી સમજવાનો સારો એવો પ્રયત્ન થયો. અને એ વિષયમાં કૃષ્ણજીના વિચારોનું ચિત્રપટ બતાવવામાં આવ્યું.

ત્રીજા દિવસે નિસર્ગની સાથે ફરીથી સંબંધ સ્થાપિત કરવા માટે શું કરી શકાય એ વિષયમાં શ્રી ડૉ.એ.ગજાનન રાવ, પ્રો. કૃષ્ણનાથ, શ્રી પી. રમેશ અને શ્રી કિશોર ખૈરનારે એકત્રપણે એક પરિસંવાદ કર્યો. અંતમાં કૃષ્ણજીની વિચારધારાનું ચિત્રપટ બતાવવામાં આવ્યું.

સહભાગી થયેલા બધા અભ્યાસકોને ચર્ચાવિચારણા કરવાનો મોકો મળે તે માટે નાના, નાના ગટ કરવામાં આવ્યા હતા અને ૧૯ તેમજ ૨૦ નવેમ્બર એમ બે દિવસ દરમિયાન ગટ ચર્ચા કરવામાં આવી. વિષયને સમજવા સૌને પોતાના વિચારો રજુ કરવાની તક મળી.

તા. ૨૧ ની સંધ્યાકાળે ૬.૩૦ વાગે શ્રીમતી આરતી અંકલીકર ના શાસ્ત્રીય ગાયનનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વને મુગ્ધ કરે એવું ગાયન વાદન થયું. બોલાવા વિઠ્ઠલ .. કરાવા વિઠ્ઠલ એ અભંગની રજુઆતથી વાતાવરણ ભક્તિમય બની ગયુ હતું. આ રીતે ત્રણ દિવસનો કાર્યક્રમ આનંદ ઉત્સાહની સાથે પૂર્ણ થયો.

સંપાદકીય

શીખવું અને શિક્ષણ આ બન્ને તદ્દન જુદી જુદી બાબત છે. શીખવું એતો એક અનંત પ્રવાહ છે, શિક્ષણ એ અનેક હેતુ અને મૂલ્યો વિશેનું જ્ઞાન છે. ઊગતા સૂર્યના અનંત કિરણો અંતરિક્ષમાં જ્યારે ફેલાય છે ત્યારે તેને સીમા નથી હોતી કે કોઇ ખંડ નથી હોતો, તેજ પ્રમાણે શીખવું એ અમર્યાદિત છે, તે ચારે દિશામાં ફેલાયેલું છે અને ચારે દિશામાંથી પ્રાપ્ત થાય છે.

શીખવાની ક્રિયાને જ્યારે સીમામાં બાંધવામાં આવે છે આકારવામાં આવે કે અભ્યાસક્રમની મર્યાદામાં બાંધવામાં આવે. અવકાશ અને અંતરિક્ષમાંથી આણીને શાળા, કૉલેજ અને વિદ્યાપીઠમાં સાંકળી લેવામાં આવે છે ત્યારે તે શિક્ષણ બની જાય છે. પ્રાચીન કથાના દતાત્રેયેને પ્રકૃતિમાંથી અનેક ગુરુ પ્રાપ્ત થયા હતા. એમને માટે સંપૂર્ણ નિસર્ગ ગુરુ હતું. વિષયોમાં તજજ્ઞ એવા અનેક વિદ્વાન નિસર્ગમાંથી શીખ્યા છે. કોઇ વિજ્ઞાન વિષયોમાં ગમે તેટલો પારંગત, હોય પણ તેનામાં અજાણતા જગતને જોવાનો તેનો દૃષ્ટિ મર્યાદિત જ્ઞાનમાંથી જ ઉદ્ભવતો હોય એ શકય છે, અને તેજ પ્રમાણે તેના નિર્ણયો હોય છે. અને તે નિર્ણયો અધૂરા હોવાનો ભય રહેલો છે. આખું વિશ્વ શીખવા માટેની વિદ્યાપીઠ છે. શિક્ષણ આપતી શાળાને દિવાલો છે, તે સામાજિક મૂલ્યો પર આધારિત છે. આર્થિક સુરક્ષા, દેશાભિમાન કે ધાર્મિક શ્રદ્ધા ધરાવતી હોય શકે.

માનવી જીવનમાં શીખવા વિશેની મહત્ત્વની બાબતનું લોપાય જવાનું બીજું એક મહત્ત્વનું કારણ છે કે શીખવું એ સફળતા માટે (ચારિત્ર્ય માટે) છે આ સમજ સમાજમાં દૃઢ થયેલી છે સફળતાને પ્રથમ સ્થાને મુકવામાં આવે છે. જીવન માટે ચારિત્ર નથી. પણ ચારિત્ર માટે કે સફળતા માટે જીવન છે. જીવવું એ મહત્ત્વનું છે એ જો માન્ય હોય તો ચારિત્ર માટે, સફળતા માટે જીવનને વહેવડાવવું એટલે કે સાધન માટે સાધ્ય ગુમાવવા જેવું છે. 'શીખવું' એને પોતાની મધુરતા, પોતાનો અર્થ અને આનંદ છે. સફળતા માટે તેનો ઉપયોગ એ એક ગૌણ બાબત છે. દરેક બાબતને તેનું એક સ્થાન હોય છે, તે બાબતની સમજ માટે શાળાની ચાર દિવાલો વચ્ચે અપાતું શિક્ષણ અપૂરતું છે માટે જ શિક્ષણની આવી ભયાનક અવસ્થા થઇ છે. તેમાં અમાપ ધન નો વ્યય, લબાડી, ભ્રષ્ટાચાર, દ્વેષ, ઈર્ષાને મહત્તમપણે પોષવામાં આવે છે.

ત્યારે શિક્ષણના આવા વાતાવરણમાં શીખવાની બાબત કેવી રીતે ટકાવવી ? આ એક યક્ષ પ્રશ્ન છે. શીખવાની શરૂઆત કરવી હોય તો આજના શિક્ષણમાં માહિતી એકત્ર કરવાનું જ ધ્યેય એ શીખવું નથી. એની પ્રતીતિ થવી એ જરૂરી છે. આજના શિક્ષણમાં જે તૂટી છે તે પ્રત્યક્ષપણે જોવાની આવશ્યકતા છે. ત્યારે જ તેના માટે ઉપાય કરવાનો પ્રશ્ન ઉદ્ભવે છે. આ હકીકત જો આપણને માન્ય ન હોય 'આ સમાજ એવો ને એવો જ રહેશે અને તેમાં બંધબેસતા થઇ જવું એજ એક માર્ગ છે.' જો એમ જ હોય તો બોલવાનો કોઇ અર્થ નથી, બોલવું જ બંધ કરી દેવું.

શિક્ષણ દ્વારા કંઇક સાધ્ય કરવાની ભાવના, મહત્ત્વકાંક્ષા જેવી બાબત જીવનમાં નકારાત્મક ભાવનાને પોષણ મળે છે. આ બાબતને કેવી રીતે દૂર કરવી, સ્પર્ધા, તુલના સિવાય ઉત્તમ શિક્ષણ કેવી રીતે આપવામાં આવે. બાળકોમાં રહેલી નિર્દોષતા કેવી રીતે જળવાય રહે એ બાબત માટે શિક્ષણનું લક્ષ હોવું જોઇએ. વાલીઓ ખરેખર પોતાના બાળકોને પ્રેમ કરતા હોય. શિક્ષકના મનમાં પણ બાળકો પ્રત્યે પ્રેમ સંવેદનશીલતા હશે ત્યારે તેમને સમજાશે કે શિક્ષણ એ સુંદર જીવન માટે છે. સુંદર જીવનમાં પ્રેમને અગ્રિમ સ્થાન છે. જે. કૃષ્ણમૂર્તિ *"પ્રેમ અને યોગ્ય વિચારસરણી એ છે ખરી ક્રાંતિ, એજ સ્વયંમાં આમૂલ પરિવર્તન આણી શકે."*

કૃષ્ણમૂર્તિએ વિદ્યાર્થી, શિક્ષક અને વાલી જોડે વખતોવખત શિક્ષણની બાબતમાં ચર્ચા વિચારણા અને વાર્તાલાપો કર્યા. સ્પષ્ટ અને સરળ ભાષામાં શિક્ષણનું મુખ્ય ધ્યેય સંપૂર્ણ જીવન સાથે છે એ સમજાવવા તેમણે હૃદયપૂર્વક પ્રયત્નો કર્યા. અને એ માટે વિશ્વભરમાં શાળાઓનું સ્થાપન કર્યું. શિક્ષણ વિશે તેમણે આપેલા વાર્તાલાપ ચર્ચા ને સંવાદ ને પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવ્યા છે. જેમને જીવન વિશે સમજવાની ઉત્કંઠા છે તે સૌએ દિલપૂર્વક તેમના પુસ્તકો વાંચી સત્યને સમજવું રહ્યું.

---

જ્યારે તમે વૃક્ષોના ગહન પડછાયા પડતા હોય ક્યાંક ક્યાંક સૂર્યનો પ્રકાશ વૃક્ષોમાંથી ચળાયને જમીન પર પડતો અને તેમાંથી ફરતા ફરતા અચાનક હરિયાળીથી આચ્છાદિત લીલાછમ મેદાનમાં આવો આજુબાજુ ઘટાદાર વૃક્ષો ઉગેલા હોય અને સામે ઝર ઝર ઝરતું ચળકતું ઝરણું દેખાય. અને તમારા મનમાં આશ્ચર્યયુક્ત પ્રશ્ન થાય, આ પૃથ્વી પરની પ્રકૃતિ, તેની સુંદરતા, વૃક્ષો પરથી ખરતાં પાંદડાં તુટી પડેલી વૃક્ષની ડાળી કેટલું સુંદર લાગે છે. આટલી સુંદર પ્રકૃતિ સાથેનો સંબંધ મનુષ્યે શા માટે ગુમાવી દીધો છે ? જો નિસર્ગ સાથે નો સંબંધ ગુમાવી દેશો તો તે સાથે અનિવાર્યપણે તમે અન્ય સાથેનો સંબંધ ગુમાવી દેશો. નિસર્ગ એટલે શાંત, સુંદર, ફળ, ફૂલો, લીલાછમ ઘાસવાળી જમીન કે તમારા બાગમાં ઝર ઝર વહેતું પાણી જ નથી. નિસર્ગ, કુદરત એ તો આ પૃથ્વી પર છવાયેલી તમામ વસ્તુ છે. આપણે એમ માનીએ છીએ કે નિસર્ગ આપણા ઉપયોગ પૂરતું કે આપણી સગવડતા માટે છે. માટે જ આપણે પૃથ્વી સાથેની સહજીવનની ભાવના ગુમાવી રહ્યાં છે. પેલા ખરતાં પાંદડાં અને પહાડીમાં ઊગેલા ઊંચા વૃક્ષો પ્રત્યેની સંવેદનશીલતા, એ તમારી પરીક્ષા પાસ કરવી કે ધંધાકીય કારકિર્દી કરતા ઘણી જ મહત્ત્વની છે. પરીક્ષા અને કારકિર્દી એજ સંપૂર્ણ જીવન નથી. જીવન એ તો વિશાળ જળરાશી ધરાવતી વહેતી સરિતા જેવું છે. જેની કોઇ શરુઆત નથી કે અંત નથી. એ ધસમસતી વહેતી જીવન સરિતામાંથી આપણે એક બાલદી ભરી જળ ભરી લઇએ અને એ મર્યાદિત જળરાશીને આપણે આપણું જીવન ગણીએ છીએ. આ આપણી બધ્ધતા અને જીવન ભરનું દુઃખ છે.

વિચારોની ગતિ એ સુંદરતા નથી, વિચારને જે સુંદર લાગે છે તેનું તે સર્જન કરે છે. સુંદર ચિત્ર, સુંદર આરસની મૂર્તિ કે પછી સુંદર કવિતા રચવી; પણ એ સૌંદર્ય નથી સૌંદર્ય એતો સર્વોચ્ચ એવી સંવેદનશીલતા છે. ફક્ત પોતાની વ્યગ્રતા અને દુઃખ પ્રતિ સંવેદનશીલતા એ અર્થમાં નહીં, પણ સંપૂર્ણ માનવજાતિને આવરી લેતી સંવેદનશીલતા. જ્યારે હું પદ (અહંમ્ભાવ) નો પ્રવાહ સંપૂર્ણ સુકાય જાય છે. ત્યારે જ સૌંદર્યનું અસ્તિત્ત્વ હોય છે. 'હું' (અહંમ) નથી ત્યાંજ સૌંદર્ય છે. જ્યારે અહંમભાવનો સંપૂર્ણ ત્યાગ હોય છે ત્યારે ઉત્કટ સૌંદર્યનું આગમન થાય છે.

તેથી એક કેળવણીકાર (શિક્ષક) તરીકે નિરીક્ષણના ઝળહળતા પ્રકાશ પ્રતિ આપણે તે ખુલ્લો કરવાનો છે. નિરીક્ષણનો પ્રકાશ ફક્ત ભ્રમને નષ્ટ કરે એવું નથી. પણ તે નાનામાં નાની બાબત પણ વિગતવાર સ્પષ્ટ કરે છે. આપણે કહ્યું તે પ્રમાણે નિરીક્ષણ એ કોઇ સ્થાયી બિંદુ, માન્યતા, પૂર્વગ્રહ કે કોઇ નિર્ણય પ્રમાણે કરવાની ક્રિયા નથી. અભિપ્રાય અને અનુભવ એ ઘણી ક્ષુલ્લક બાબત છે. અનુભવી માણસ ધોખારૂપ છે. કારણકે તે તેના જ્ઞાન અને જાણકારીના ઘેરાવામાં કેદ થયેલો છે.

*ધ હોલ મુવમેંટ ઓફ લાઇફ ઇઝ લર્નિંગ*

*- જે.કૃષ્ણમૂર્તિના શાળાઓને પત્રો , પ્ર ૧૪*

# જે.કૃષ્ણમૂર્તિ : વ્યક્તિ, સંદેશ અને તમે

રવિન્દ્ર નાટયમંદિર, પ્રભાદેવી મુંબઈમાં આવેલ આ સ્થળે ઓકટોબર ૧૮,૧૯,૨૦૦૮ ના આ બે દિવસ દરમિયાન જે.કૃષ્ણમૂર્તિનું જીવનદર્શન અને તેમના શિક્ષણના વિષયમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈંડિયા, ચેન્નય તેમજ મુંબઈ કેન્દ્રના સહકાર્યથી આ કાર્યક્રમને યોજવામાં આવ્યો હતો. જે.કૃષ્ણમૂર્તિનું શિક્ષણ અધિકાધીક લોકો સુધી પહોંચે એ દષ્ટિએ કેટલાક લાક્ષણિક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. અને મુંબઈ નિવાસી મિત્રો એ સારો જેવો પ્રતિસાદ આપ્યો હતો.



જે મુંબઈમાં કૃષ્ણમૂર્તિ ૧૯૪૮થી લઈ સતત ૪૦ વર્ષ સુધી સર જે.જે. સ્કુલ ઑફ આર્ટના પ્રાંગણમાં લોકોને મુગ્ધ કરતા વાર્તાલાપ આપ્યા હતા. એજ મુંબઈમાં ૨૦ પછી એટલે કે કૃષ્ણજીએ ફેબ્રુઆરી ૮૬ દરમિયાન આ વિશ્વમાંથી વિદાય લીધા પછી એક પેઢીના અંતર બાદ આ બે દિવસનો કાર્યક્રમ સાદરકરી કૃષ્ણજીનું વિશ્વવેગળું જીવન અને શિક્ષણ લોકોની સામે પ્રદર્શીત કરવામાં આવ્યું. જે દ્વારા અસ્વસ્થ અને અસુરક્ષિત સમાજને જીવનમાં કોઇ આશાનું કિરણ પ્રાપ્ત થાય.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન ૧૮ મી ઓકટોબરે સવારે ૧૦ વાગે રવિન્દ્ર નાટય મંદિરના પરિસરમાં આવેલ પુ.લ.દેશપાંડે સભાગૃહની બહાર બૉમ્બે : કેંબ્રિજ સ્કુલના અધ્યક્ષ શ્રી વિક્રમ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. મુંબઈ કેન્દ્રના સેક્રેટરી શ્રી આર. આર.ચારીએ ઉપસ્થિત લોકોનું સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ
જે. કૃષ્ણમૂર્તિ : વ્યક્તિ, સંદેશ અને તમે

પુ.લ.દેશપાંડે સભાગૃહના કલાકક્ષમાં કૃષ્ણમૂર્તિનાં છેક બાળપણના નિર્દોષ ફોટોગ્રાફથી લઇ તેમના જીવનની ૯૦ વર્ષની જીવનયાત્રા ના અલભ્ય એવા ફોટોગ્રાફ દ્વારા એક મનોવેધક વાતાવરણનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કૃષ્ણમૂર્તિના કેટલાક હ્દયસ્પર્શી વચનોને ફોટાગ્રાફ સાથે દર્શાવવામાં આવ્યા હતા. સારી પ્રકાશ વ્યવસ્થા દ્વારા પ્રદર્શનને ઘણું પ્રભાવિત કરવામાં આવ્યું હતું.

આ સુંદર ફોટોગ્રાફ તેમજ તેમના વચનામૃત સાથે એક નાની પુસ્તીકા ફાઉન્ડેશને પ્રકાશિત કરી હતી. તે પુસ્તીકા મુંબઈ કેન્દ્રમાં રૂા.૨૫/- ના દરે ઉપલબ્ધ છે.

સભાગૃહના પહેલા માળે યુનિટીસભા ગૃહમાં કૃષ્ણજીના અંગ્રેજી, ગુજરાતી, મરાઠી, હિન્દી પુસ્તકોનું પ્રદર્શન તેમજ વેચાણની યોજના કરવામાં આવી હતી. એક તરફ ૧૨ કોમ્પ્યુટર ગોઠવવામાં આવ્યા હતા. જેથી યુવા અભ્યાસકો કૃષ્ણજીના પ્રવચનોને ગુજરાતી, મરાઠી, હિન્દી તેમજ અંગ્રેજી ભાષામાં અવલોકન કરી શકે. અનેક લોકો સારો એવો લાભ લીધો અને પુસ્તકો તેમજ DVDs ખરીદી.

ત્રીજા માળા પર બે સભાખંડમાં ૧૧.૩૦ વાગે આજના શિક્ષણમાં શું સમસ્યા છે ? એ વિષય પર મરાઠી અને અંગ્રેજી ભાષામાં પરિસંવાદનું આયોજન કર્યું હતું. મરાઠી પરિસંવાદમાં ડૉ.સતીશ ઈનામદાર, શ્રી કિશોર ખૈરનાર અને ડૉ. વાસંતિ પડતે સહભાગી થયા હતા, અને ઘણા અભ્યાસુ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

તેજ પ્રમાણે અંગ્રેજી ભાષામાં પરિસંવાદમાં કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનની શાળામાંથી આવેલા ડૉ.શૈલેશ શિરાળી, શ્રી આલોક માથુર તેમજ શ્રીમતિ જયશ્રી નંબિયાર અને સેન્ટઝેવિયર્સ કૉલેજના પ્રાધ્યાપક અભિજિત પડતે એ ભાગ લીધો હતો.

આ બધા વક્તાઓએ આજના માનવી જીવનની ચેતનામાં આધ્યાત્મિક, ભાવના તેમજ પ્રત્યક્ષ જીવનમાં કેવી રીતે સમસ્યા ઉદભવે છે તેનો ઉકેલ કરવામાં આજની શિક્ષણ પધ્ધતિ કેટલી સક્ષમ છે કે નહીં તે વિશે ગહનતાપૂર્વક વિચારણા કરી.

શ્રોતાવર્ગમાં શાસ્ત્રજ્ઞ, કલાકાર, શિક્ષક વગેરે સુજ્ઞજનો એ ભાગ લીધો હતો. ફાઉન્ડેશનની શાળામાં પાસ થયેલા વિદ્યાર્થી શાળામાંથી બહાર પડયા પછી આ સ્પર્ધાત્મ દુનિયાનો કેવી રીતે સામનો કરે છે. એ સમજવા માટે ઘણા શ્રોતા એ ઉત્સાહ દાખવ્યો હતો. શ્રોતામાંથી કેટલાક લોકોએ શાળામાંથી પાસ થઇ બહાર પડેલા વિદ્યાર્થી ભાવિ પડકારનો કેવો સામનો કરી શકે એની સમજ માટે આશા વ્યક્ત કરી.

૧૯ મી ઓકટોબરે બપોરના ૨.૩૦ કલાકે 'પરિવર્તનાચે આવ્હાન' એ કૃષ્ણમૂર્તિની જીવનયાત્રા પર આધારિત મરાઠીમાં એક દસ્તાવેજી ચિત્ર બતાવવામાં આવ્યું. ત્યારે પછી અંગ્રેજીમાં *The seer who walks Alone:* કૃષ્ણજીના જીવનનો પરિચય આપતી ફિલ્મ બતાવવામાં આવી જેનું શ્રી અરવિંદન જેવા સમર્થ કલાદિગ્દર્શકે નિર્માણ કર્યું છે. લોકો એ ઉત્સાહપૂર્વક બંને ફિલ્મ નિહાળી.

રવિવાર તા. ૧૯મી ઓકટોમ્બરે રવિન્દ્રનાથ નાટયમંદિરના મુખ્ય સભાગૃહમાં સવારે ૧૦ વાગ્યે ફાઉન્ડેશનના સેકેટરી શ્રી એસ.પી. કંદાસ્વામી વક્તવ્યની શરુઆત કરી. શ્રી કંદાસ્વામીએ આ બે દિવસના કાર્યક્રમનો ઉદેશ અને ફાઉન્ડેશન દ્વારા ચાલતા કાર્યની ટુંકમાં રજૂઆત કરી. આ કાર્યક્રમના મુખ્ય વક્તા પ્રસિધ્ધ પત્રકાર તેમજ સાહિત્યકાર શ્રી રણજીત હોસ્કોટે અને ઈન્ફોસિસના અધ્યક્ષ શ્રી નંદન નિલેકાનીએ એમનું સ્વાગત કર્યું. ડૉ શૈલશ શિરાળીએ વક્તાનો પરિચય કરાવ્યો.

ત્યાર પછી શ્રી હોસ્કોટેનું પ્રવચન થયું તેમનો વિષય હતો ''કૃષ્ણજીના શિક્ષણનો આધુનિક કાળમાં સંપર્ક'' કૃષ્ણજીના ગૂઢ જીવનયાત્રાની નોંધ લઇ કૃષ્ણજીનું શિક્ષણ આજના કાળમાં કેવી રીતે માર્ગદર્શક બની શકે તેની સુંદર સમજણ આપી. સ્વયં વિષેની સભાનતા અને સંપૂર્ણ મુક્તિ માનવી મનમાં આમૂલગા પરિવર્તન લાવી શકે અને આપણા જીવનમાં તે પ્રત્યક્ષ પણે ઉતારવામાંજ તેમના શિક્ષણની ખરી કસોટી રહેલી છે.

આ કાર્યક્રમનો એક મહત્ત્વનો ભાગ એ કે બ્રેલલિપિમાં કૃષ્ણજીના ચુંટેલા કેટલાંક પુસ્તકો નેશનલ એશોસિએશન ફોર ધ બ્લાઇન્ડ આ સંસ્થાના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી રમણશંકર ના હસ્તે પ્રકાશિત કરવામાં આવ્યા તેજ સમયે કૃષ્ણમૂર્તિના બે જીવન ચરિત્રની મરાઠી આવૃતિ જે.કૃષ્ણમૂર્તિ 'જીવન આણી મૃત્યુ' તેમજ પુપુલ જયકરનું અંગ્રેજીમાં પ્રકાશિત કૃષ્ણમૂર્તિના જીવનચરિત્રનું. આ પુસ્તકોનું ઓડિઓ સંસ્કરણનું પ્રકાશન કરવામાં આવ્યું. જે વાંચી શકતા નથી તેવા સહૃદયી લોકો માટે જીવન ભાષ્યના દરવાજા ખુલ્લા થયા. એ સમયે શ્રી રમણશંકરે હૃદયપૂર્વક આ પ્રકારના ઉપક્રમ માટે આભાર વ્યક્ત કર્યો.

આ કાર્યક્રમ પછી ઈન્ફોસિસના અધ્યક્ષ શ્રી નંદન નિલેકાની એ ''સામાજિક જવાબદારી'' એ વિષય પર પ્રવચન આપ્યું. એકાદી કંપનીની શરુઆત કરતા અને યશસ્વી પણ તેને આગળ લાવવા માટે સહકારની કસોટી થાય છે અને તે માટે સામાજિક જવાબદારીની સભાનતા રાખવી પડે છે. તેનાં ઉદાહરણમાં પોતાની કંપનીએ આ બાબત કેવી રીતે પાર પાડી છે તે સમજાવ્યું.

ત્યાર પછી કૃષ્ણજીના એક વાર્તાલાપની ફિલ્મ બતાવવામાં આવી વિષય હતો. *What is the future of Humanity?*



## શીખવું ક્યારે શક્ય બને ?

શોધ અને શીખવું એ મનનું કાર્ય છે. શીખવું એ વિશે મારું એમ કહેવું છે કે શીખવું એટલે સ્મૃતિને વધારવી કે જ્ઞાન એકત્ર કરવું એમ નથી. એ માટે સ્પષ્ટતાપૂર્વક, ઘણીજ સમજપૂર્વક અને કોઇપણ ભ્રમ સિવાય વિચાર કરવાની ક્ષમતા હોવી જોઇએ, આદર્શ પ્રમાણે નહીં. જો વિચારનો ઉગમ કોઇ નિર્ણયમાંથી થયો હોયતો તે શીખવું નથી. ફક્ત માહિતી અને જ્ઞાન એકત્ર કરવું એ શીખવું નથી. શિક્ષણનો ખરો અર્થ છે આકલન થવું કોઇ વસ્તુનો બોધ થવો અને તે માટે પ્રેમ હોવો જોઇએ. એકાદી વસ્તુ કરવા માટે ફકત પ્રેમનું હોવું આવશ્યક છે. શીખવું ત્યારે જ શકય થાય જ્યારે તમારા પર કોઇજ પ્રકારની જબરદસ્તી ના હોય. આ જબરદસ્તી અનેકરૂપ ધારણ કરે છે. નહીં કે ? વસીલાને કારણ જબરદસ્તી આવે, આસક્તિને કારણે, ધમકીને કારણે. મનની ઉતેજના થકી આવે કે ઘણી નજીવી લાલચ થકી જબરદસ્તી આવે છે.

કેટલાંક લોકોને એવું લાગે છે કે તુલના કરવાથી શીખવાને ઉત્તેજન મળે છે. પણ વાસ્તવિકતા તેનાથી વિરુધ્ધ છે. તુલના નિષ્ફળતા આણે છે અને ફકત દ્વેષને ઉત્તેજન આપે છે અને એને આપણે સ્પર્ધા કહીએ છીએ. મન વાળવાની બીજી પધ્ધતિ પ્રમાણે તુલના શીખવામાં પ્રતિબધ્ધતા લાવે છે અને ભયને જન્મ આપે છે.

*ધ બુક ઑફ લાઇફ, ૧૧ જાન્યુઆરી*

### કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રી (KFI) માં વિશેષ કાર્યશાળાની માહિતી.

| | |
|---|---|
| તા. ૧૨ થી ૧૬ જાન્યુઆરી ૨૦૦૯ | To live with Death requires A great deal of Enquiry. |
| તા. ૯ થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૦૯ | Life becomes a Problem because I meet Life as a Problem |
| તા. ૧ થી ૭ માર્ચ ૨૦૦૯ | There is a Total Change when the Observer is the Observed. |

**સંપર્ક માટે** : સંચાલક : કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રી પોષ્ટ તિવઈ હિલ, તા. ખેડ (રાજગુરુનગર) જિ. પુણે, પિન ૪૧૦ ૫૧૩ મહારાષ્ટ્ર.

**દૂરધ્વની** : (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૮૪૩૪૬. • E-mail : kscskfi@gmail.com • **વેબસાઇટ** : http://www.kscskfi.com

### આનંદ વિહાર, કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપૂરમાં કાર્યક્રમની માહિતી.

તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૦૯ Be your own teacher.

૧૫ ફેબ્રુઆરી ૨૦૦૯ વાર્ષિકદિન

**સંપર્ક માટે** : આનંદ-વિહાર જે.કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહટોલી ગામની નજીક, બદલાપૂર (પ), તાલુકા- થાણા, પિન કોડ ૪૨૧ ૫૦૩, મહારાષ્ટ્ર.

**દૂરધ્વની** : ૯૮૨૨૩૪૭૪૫૪, (૦૨૨) ૨૫૧૫૩૦૯૪, ૨૪૨૨૩૧૯૯ • E-mail : zilog@vsnl.com

# પરીક્ષણ

## અહંમભાવમાંથી મુક્તિ એજ યથાર્થ કર્તવ્ય

આ પુસ્તકમાં અહંભાવ અર્થાત વ્યક્તિત્વ એ વાસ્તવમાં શું છે, કયાંથી ઉદ્‌ભવે છે. આપણામાં કેવી રીતે દઢ થાય છે અને આપણી અંદર તેમજ આપણી ચોપાસના જગતમાં તે શી રીતે અશાંતિ સર્જે છે. તેની વિશદ છણાવટ અને સમજણ કૃષ્ણમૂર્તિ એ વિશ્વભરમાં અનેક વર્તાલાપ આપી આપણને આ અહંભાવનો અંત શી રીતે આવે એ સમજાવવાનો પ્રયતન કર્યો છે.

''આકાર વગરનો, ન દેખાતો 'હુંકાર'
માનવ દેહમાં રહેલો ભયાનક વિકાર.''

માટે અહંકારને અર્થાત્ સ્વયંને જ્યાં સુધી સમજશું નહીં ત્યાં સુધી આપણે શાંતિ અને પ્રેમથી વંચિત જ રહીશું. જીવનને ગંભીરતાથી જોતા કૃષ્ણજી અહંભાવ વિશે શું કહે છે

'' 'અહમભાવ' સહજતાથી છૂટી ના શકે, વધુમાં વધુ તે શાંત થઇ શકે; 'હું' અર્થાત્ અહંકારના સમગ્ર માળખા ને અને તેના અર્થને સમજ્યા વગર તે શાંત થઇ શકે નહીં. એ માળખું અને તેનો અર્થ કાં તો સંપૂર્ણપણે તત્કાલ સમજાય અગર બિલકુલ ન સમજાય; પરંતુ એજ માત્ર એક રાહ છે; બીજો કોઇ રાહ નથી તમે જો એમ કહો કે ''હું સાતત્યથી પ્રયત્ન કરીશ, અને જ્યાં સુધી 'હું' અર્થાત્ અહંભાવનો વિલય નહીં થાય ત્યાં સુધી મારો અભ્યાસ જારી રાખીશ.'' તો તમે એજ અહંકારના બીજા પ્રકાર ના ફંદામાં ફસો છો.''

કૃષ્ણજીના અનેક ગ્રંથોમાંથી આ વિષયને અનુરૂપ એવા તેમના વિવિધ ઉદ્‌ગારો અને ઉદ્‌ઘોષણાઓનું સંકલન કરી ફાઉન્ડેશન દ્વારા એક પુસ્તકના રૂપે અંગ્રેજી ભાષામાં *Surely Freedom from the Self... is the True Function of Man* એ નામથી પ્રકાશીત કરવામાં આવ્યું હતું તેનો ગુજરાતી અનુવાદ યોગેશ દેસાઇ એ કર્યો છે. આ પુસ્તકની આ બીજી આવૃતિ છે.




ગુજરાતી અનુવાદ : અહંભાવમાંથી મુક્તિ એજ યથાર્થ કર્તવ્ય.

પૃષ્ઠ સંખ્યા : ૮૮

મૂલ્ય : ૫૫ રૂપિયા.

## કૃષ્ણમૂર્તિના શિક્ષણ વિષય ઉપર પુસ્તકો અને DVDs

Education and the Significance of Life
શિક્ષણ અને જીવનરહસ્ય

Life Ahead
ભાવિજીવન

Krishnamurti on Education
શિક્ષણ સંવાદ



Think on These Things
A Timeless Spring : Krishnamurti at Rajghat
The Whole Movement of Life is Learning
શાળાઓને પત્ર ભા.૧ અને ૨

Why Are You Being Educated ?
What Are You Doing with Your Life
તમે તમારા જીવન સાથે શું કરી રહયા છો ?

A Flame of Learning
Don't Make a Problem of Anything
Krishnamurti for the Young Series

**DVDs :**
**The Brain is always recording :**
Talk to Rishi Valley School Student

**Thinking about myself all day long:**
Talks to Rishi Valley School students.
Rs. 200 each

**MP3 :**
**Education & The Challenges of Life:**
Six audio recordings of Krishnamurti's talks to school children, college students, teachers and parents. Rs. 150



**The Journal of the Krishnamurti schools :**
Consisting of articles by those involved in Krishnamurti education, the journal is of relevance to parents and educators. Published every January. Rs. 120

# મા-બાપ અને શિક્ષકો

યોગ્ય પ્રકારની કેળવણીની શરુઆત શિક્ષકથી થાય છે. માટે જ શિક્ષકે પોતાની જાતને સમજવી જોઇએ અને વિચાર પ્રણાલીથી મુક્ત થવું જોઇએ; કારણકે શિક્ષક જેવો હશે એવું શિક્ષણ એ આપશે. જો એણે યોગ્ય પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કર્યું ન હોય તો યંત્રવત જે જ્ઞાન એણે પ્રાપ્ત કર્યું હશે, એ સિવાય બીજુ શું આપી શકે? આથી ખરો પ્રશ્ન બાળકનો નથી. પણ મા-બાપ અને શિક્ષક નો છે; મુખ્ય પ્રશ્ન શિક્ષકને કેળવવાનો છે.

જેઓ શિક્ષકો છે એજ. પોતાની જાતને સમજે નહીં, બાળક સાથેનો પોતાનો સંબંધ સમજે નહીં, અને બાળકોનું મન ફકત માહિતીઓથીજ ભરે અને પરીક્ષામાંથી પસાર કેમ થવું એજ એને શીખવે, તો આપણે નવા પ્રકારની શિક્ષણ પધ્ધતિ કેવી રીતે લાવી શકીએ? વિદ્યાર્થીને દોરવણી આપવી અને મદદ કરવાની જરૂર છે, પણ દોરવણી આપનાર અને સહાય કરનાર જ મૂંઝાયેલો અને સંકુચિત, રાષ્ટ્રવાદી અને સિદ્ધાંતવાદી હોય, તો સ્વાભાવિક છે કે એનો વિદ્યાર્થી પણ એના જેવો જ થશે અને એ રીતે શિક્ષક વધારે ને વધારે ગૂંચવડાઓનું અને ઝઘડાઓ મૂળ બનશે.

જો આનું રહસ્ય આપણે સમજીએ, તો આપણી જાતને યોગ્ય રીતે કેળવવાની શરૂઆત કરવી કેટલી મહત્વની બાબત છે એ આપણને સમજાશે. આપણી પુનઃ કેળવણીનો વિચાર કરવો એ બાળકનાં ભવિષ્ય, સુખસગવડતા અને સલામતીની ચિંતા કરવા કરતા વધારે જરૂરી છે.

શિક્ષકને કેળવવો, એટલે એ કે એ પોતાની જાતને સ્વયં ને સમજે એ એક મોટું કઠિન કાર્ય છે, કારણકે આપણામાંથી મોટા ભાગના લોકો એક પ્રકારની વિચારસરણી, પ્રણાલિકાના કાર્યના ચોકઠમાં બધ્ધ બની જડ બની ગયા છે. આપણે કોઇ ધર્મને કોઇ આદર્શને કોઇ ચોક્કસ પ્રણાલીને વરી ચૂકયા છીએ. માટે જ બાળકને શા વિચાર કરવાં એ આપણે શીખવતા નથી પણ કયા વિચાર કરવા એ શીખવીએ છીએ.

વળી મા-બાપ અને શિક્ષણ વધુ પડતા પોતાની ચિંતા અને દુઃખના મંથનમાં ગૂંથાયેલા છે. ગરીબ હોય કે શ્રીમંત, પણ મોટાભાગના મા-બાપ પોતાની અંગત સમસ્યામાં ફસાયેલાં છે. આજના સામાજિક અને નૈતિક પતનની એમને કંઇ પડી નથી પણ પોતાના બાળકો દુનિયામાં આગળ વધે એ જ એક ઇચ્છા એમની હોય છે. પોતાના બાળકોના ભવિષ્ય માટે, તેઓ સારી પદવી મેળવી શકે એવી કેળવણી એમને મળે કે કોઇ સારે ઘરે પરણી શકે એને માટે જ તેઓ ચિંતાતુર હોય છે.

સામાન્યપણે એવું માનવામાં આવે છે દરેક મા-બાપ પોતાના બાળકોને ચાહે છે. પણ હકીકતમાં જોઇએ તો તેઓ પોતાના બાળકોને ચાહતાં નથી. એ સાચી હકીકત છે. જો મા-બાપ ખરેખર પોતાના બાળકોને ચાહતાં હોત. તો સમગ્ર વિશ્વપ્રેમની ભાવના પર ભાર મુકવાને બદલે કુટુંબ અને રાષ્ટ્ર ભાવનાને મહત્ત્વ આપત નહીં કારણકે એ ભાવના થકી માણસ માણસ વચ્ચે સામાજિક અને જાતિય ભેદ ઉદ્ભવે છે અને યુધ્ધ અને ભૂખમરાનું સર્જન થાય છે. એજ એક અજાયબી ભરી ઘટના છે માણસોને વકીલ ડૉક્ટર થવા માટે ભારે કેળવણી આપવામાં આવે છે. જ્યારે મા-બાપ થવાના અતિ મહત્ત્વના કાર્ય માટે લાયક થવા, એમને કોઇ પણ પ્રકારની તાલીમ અપાતી નથી.

ઘણીવાર તો કુટુંબમાં જુદાંઇ કરાવતા તત્ત્વોને જ પ્રોત્સાહન આપવામાં અને જુદાઇને વધારે છે. અને એ રીતે સમાજમાં પતન લાવનારું બળ નીવડે છે. પણ જયારે સમજ અને પ્રેમ આવે છે ત્યારે જુદાઇ નિર્માણ કરતી દિવાલો તૂટે, ત્યારે કુટુંબ ચારે બાજુથી ઘેરાયેલા વર્તુળ જેવું નહીં રહે. એ કેદખાનું કે આશ્રયસ્થાન ન બને; પછી તો મા-બાપ પોતાનાં બાળકો સાથે જ નહીં પણ પોતાનાં પડોશી સાથે પણ સહવાસમાં રહી એકતા અનુભવી શકે.

પોતાના પ્રશ્નોમાં ગૂંચવાયેલા મા-બાપો પોતાના બાળકોની સુખાકારીની જવાબદારી શિક્ષકને માથે નાખે છે. ત્યારે શિક્ષકે મા-બાપને કેળવણી માટે મદદરૂપ થવું જોઇએ. શિક્ષકે મા-બાપ સાથે વાર્તાલાપ કરવો જોઇએ અને બાબત સમજાવવી જોઇએ કે જગતમાં દેખાતી અંધાધૂધી એ એમની પોતાનીજ આંતરીક અંધાધૂધીનું પ્રતિબિંબ છે. શિક્ષકે તેમનું ધ્યાન દોરવું જોઇએ કે વૈજ્ઞાનિક કે યાત્રિક પ્રગતિ ચાલુ પરિસ્થિતિમાં કોઇપણ મૂળભૂત પરિવર્તન આણી શકે નહીં હુન્નર ઉદ્યોગથી કેળવણી જેને આજે આપણે કેળવણી કહીએ છીએ. તેણે માણસને મુક્ત કર્યો નથી કે સુખી કર્યો નથી. ચાલુ પરિસ્થિતિને સ્વીકારી લેવા, વિદ્યાર્થીને ફરજ પાડવી એ પ્રજ્ઞાવર્ધક નથી. પોતાના બાળકો માટે પોતે શું કરવા માગે છે અને પોતે શું કરી રહ્યા છે એ શિક્ષકે એમને સમજાવવું જોઇએ, શિક્ષકે મા-બાપનો આત્મવિશ્વાસ વધારવો જોઇએ. પોતે આ બાબતમાં નિષ્ણાત માણસ છે અને કોઇ અજ્ઞાન માણસનો સાથે સત્તાધારી વાણીમાં વાર્તાલાપ કરવો ના જોઇએ. પણ એમના બાળકોનો સ્વભાવ, એમની મુસીબતો અને એમનું વલણ વગેરે કેવાં છે એ વિશે વાત કરીને તેમનો વિશ્વાસ વધારવો જોઇએ.

શિક્ષક જો બાળકોમાં, એક વ્યક્તિ તરીકે સાચો રસ લેશે તો મા-બાપને શિક્ષકમાં વિશ્વાસ આવશે. આ રીતે શિક્ષક મા-બાપને તેમજ પોતાની જાતને કેળવી શકે છે. અને બદલામાં મા-બાપ પાસેથી શિખી પણ શકે છે. સાચા પ્રકારનું શિક્ષણ અરસપરસનું કાર્ય છે. અને એમાં ધીરજ, વિચાર અને પ્રેમની જરૂર છે. પ્રજ્ઞાવાન સંસ્કારી સમાજમાં પ્રજ્ઞાવાન શિક્ષકો બાળકોને કેમ ઉછેરવાં એ પ્રશ્નનું નિરાકરણ કરી શકે છે. અને આ બાબતમાં રસ હોય એવા શિક્ષકો અને વિચારશીલ મા-બાપ નાના પાયા પર આ દિશામાં પ્રયોગ કરવા જોઇએ.

શું મા-બાપો કદી એમ પૂછે છે ખરા કે આપણને બાળકો શા માટે હોવા જોઇએ? શું નામ અમર કરવા માટે કે પોતાની મિલકત અને વારસો સંભાળવા માટે એ ઓ બાળકોને જન્મ આપે છે? શું પોતાના આનંદ ને ખાતર, પોતાની લાગણીઓની જરૂરિયાતોને સંતોષવા ખાતર, એ ઓ બાળકો ઇચ્છે છે? જો એમ જ હોય તો બાળકો, પોતાના માતાપિતાની વૃત્તિઓના ભયના જ નમૂના બની રહે છે.

બાળકોને ખોટા પ્રકારની કેળવણી આપીને પોતે બાળકોમાં ઇર્ષા, વેરભાવ, મહત્ત્વાકાંક્ષાને જાગ્રત કરતા હોય, તો પોતે બાળકોને ચાહે છે, એમ મા-બાપો કહી શકે ખરા?

વિગ્રહ, વિનાશ અને અપાર દુઃખ તરફ લઇ જનાર પ્રજાકીય અને જાતિવાદ અને વૈમનસ્ય ઉતેજિત કરે અને જે ધર્મને અને આદર્શોને નામે માણસ માણસ વચ્ચે લડાઇ કરાવે, એ શું પ્રેમ કહેવાય.

ઘણાં મા-બાપો પોતાના બાળકોને ખોટા પ્રકારની કેળવણી તરફ પ્રોત્સાહિત કરે છે. એ ઉપરાંત પોતાની વિચારસરણી અને જીવનની રીતભાતથી બાળકોને ગૂંચવણ અને દુઃખના માર્ગે જવામાં મદદ કરે છે, અને પછી બાળકો મોટા થાય અને દુઃખી થાય છે ત્યારે તેઓને માટે પ્રાર્થના કરે છે. અને એનો બચાવ કરવા બહાના શોધી કાઢે છે. પોતાના બાળકો માટે મા-બાપને જે દુઃખ થાય છે એ મમત્વ અને માલિકીભાવમાંથી જન્મતી સ્વદયાનો જ પ્રકાર છે. અને જયાં પ્રેમ નથી હોતો ત્યાંજ આ બધાનું અસ્તિત્વ હોય છે.

જો મા-બાપ પોતાના બાળકોને ચાહતા હોય તો તેઓ રાષ્ટ્રવાદી બનશે નહીં; કે કોઇપણ દેશ સાથે એકરૂપ થશે નહી.

*એજ્યુકેશન એન્ડ ધ સગ્નિફિકન્સ ઓફ લાઇફ, પ્ર ૬*

જે. કૃષ્ણમૂર્તિનું શિક્ષણ તમામ લોકો સુધી પહોચે એ દૃષ્ટિથી 'કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા' આ સંસ્થા કાર્યરત છે. ફાઉન્ડેશનને ચેન્નયી, ઋષિવેલી, બેંગ્લોર, મુંબઈ, વારાણસી અને સહ્યાદ્રીમાં અધ્યયન કેન્દ્ર, શાળાઓની સ્થાપના કરી છે. ઘણે ઠેકાણે ત્યાંના ગ્રામિણ ભાગમાં સમાજ વિકાસ કેન્દ્રનું સ્થાપન કર્યું છે.

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા નું મુખ્ય કાર્યાલયઃ**

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
વસંત વિહાર,૧૨૪, ગ્રિનવેજ રોડ, ચેન્નયી -૨૮
દૂરધ્વની : (૦૪૪) ૨૪૯૩ ૭૮૦૩ /૭૫૯૬
ઈમેલ : kfihq@md2.vsnl.net.in
વેબસાઈટ : www.kflonline.org

ફાઉન્ડેશનની બીજી શાખા અને કાર્યશાળાના વિષયમાં ઉપરોક્ત સરનામા પર સંપર્ક કરવો.

**કૃષ્ણમૂર્તિ ના વિષયમાં કેટલીક વેબસાઈટ :**

http://jkrishnamurti.org
www.kfionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org

શાળાએ સવલત પૂરી કરી શકે એમ છે. જ્યાં કેળવણીકારને કેળવણી લેતા બંને એકત્ર પણે શીખી રહ્યાં છે. શાળાનું મધ્યવર્તી સત્ય છે 'શીખવું'. અવસર એટલે પોતાને માટે સમય આપવો એવું આપણું કહેવું નથી. છતાં તેની આવશ્યકતા છે. એનો અર્થ એવો પણ નથી કે એકાદ પુસ્તકને લઈ ઝાડ નીચે કે રૂમની અંદર બેસી વાંચન કરવું. તેમજ આળશી બનીને દિવાસ્વપન જોવા સમયનો વ્યય કરવો એવું નથી. એવા મનની જરૂર છે જે કોઈ સમસ્યામાં, આનંદ-પ્રમોદમાં ઈન્દ્રિયસુખમાં પરોવાયેલું ના હોય, એટલે કે મનમાં નવરાશ હોય. આપણી આજુબાજુ શું ચાલી રહ્યું છે તેમજ આપણા આંતરમનમાં શું થઈ રહ્યું છે એ સાંભળવા અને સ્પષ્ટપણે જોવા માટે મન પાસે અનંતકાળ છે એ નવરાશની પળોમાં સૂચિત થાય છે. નવરાશ એ સ્વાતંત્રની આકાંક્ષા છે, જેનો અર્થ ઈચ્છા પ્રમાણે વર્તવું એવો કરવામાં આવે છે. મનુષ્ય આમે તે જ કરતો હોય છે, જેથી કરીને ભયંકર દુ:ખ, લુચ્ચાઈ અને ગૂંચવાડો સર્જાય છે. મુક્ત મન એટલે હેતુવિહિન, લક્ષરહિત હોય એવું શાંત મન અને આ કાળમુક્ત અવસ્થામાં જ મન શીખી શકે છે. ફકત વિજ્ઞાન, ગણિત, ઈતિહાસ વગેરે જ નહીં પણ સ્વયં વિશે પણ શીખી શકે. અને પરસ્પરના સંબંધમાં પણ સ્વયં વિશે શીખી શકે.

*ધ હોલ મુવમેંટ ઓફ લાઈફ ઈઝ લર્નિંગ*
*-જે. કૃષ્ણમૂર્તિના શાળાઓને પત્રો, પ્ર ૩*

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયાનું મુંબઈ કેન્દ્ર હિંમત નિવાસ, મલબાર હિલમાં છે. અહીં કૃષ્ણજી ના બધા પુસ્તકો, ડીવ્હીડી, ઉપલબ્ધ છે. બાલ આનંદ - બાલવિકાસ કેન્દ્ર, મુંબઈ સ્થિત આ કેન્દ્ર સાથે સંલગ્ન છે.

કેન્દ્ર તરફથી વખતો વખત કૃષ્ણમૂર્તિના શિક્ષણના અનુસંધાનમાં જીવનનો ગહનતાપૂર્વક અભ્યાસ કરનાર વિચારવંતોના પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. દર શનિવાર અને રવિવારે કૃષ્ણજીના વાર્તાલાપ અને સંવાદોની વ્હીડીયો નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ દર ગુરૂવારે સમુહ વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું છે. સેંટ ઝેવિયર્સ કૉલેજમાં દર મહિના ના પહેલાં શુક્રવારે વ્હીડીયો નો કાર્યક્રમ હોય છે એને તેના પછી આવતા સોમવારે તે વિડીયોના વિષય પર સંવાદનું આયોજન કરવામાં આવે છે. મુંબઈમાં આવેલી કૉલેજ અને શાળામાં વિદ્યાર્થી અને શિક્ષક સાથે સંવાદનો કાર્યક્રમ સંસ્થા યોજે છે.

સંપર્ક : કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા
બોમ્બે એક્ઝેક્યુટીવ કમિટી, હિમત નિવાસ,
૩૧, ડોંગરસી રોડ, મલબાર હિલ, મુંબઈ-૪૦૦૦૦૬
દૂરધ્વનીઃ ૨૩૬૩૩૮૫૬
ઈમેલ : kfimumbai@gmail.com

'અંતરમેળ' આ વૃતપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઈચ્છીત વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્ય નો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગતા લેખ, સંસ્થાના કાર્યક્રમ તેજ અભ્યસકેન્દ્રની તેમજ પુસ્તક વગેરેની માહિતી આ પત્રકિામાં પ્રકાશીત કરવા માં આવશે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઈચ્છા હોય તો અમારા મુંબઈ કેન્દ્ર ના સરનામા પર પત્ર દ્વારા કે ઈમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામુ, ફોન નંબર અને ઈમેલ હોય તો તે જણાવશો.


Statement about ownership and other particulars of Antarlahari Newsletter

## FORM IV

| | | | |
|---|---|---|---|
| 1. | Place of publication | : | Krishnamurti Foundation India, Bombay Executive Committee ` Himmat Niwas, 31,Dongersey Road, Malabar Hill, Mumbai – 400 006. |
| 2. | Periodicity of publication | : | Once in four months, (January, May, September) |
| 3. | Printer's Name | : | Anand Limaye |
| | Whether citizen of India | : | Yes |
| | Address | : | India Printing Works, 42, G. D. Ambekar Marg, Wadala, Mumbai - 400031 |
| 4. | Publisher's Name | : | P. V. Dabholkar |
| | Whether citizen of India | : | Yes |
| | Address | : | Krishnamurti Foundation India, Bombay Executive Committee ` Himmat Niwas, 31,Dongersey Road, Malabar Hill, Mumbai – 400 006. |
| 5. | Editor's Name | : | Indira Doctor |
| | Address | : | Krishnamurti Foundation India, Bombay Executive Committee ` Himmat Niwas, 31,Dongersey Road, Malabar Hill, Mumbai – 400 006. |
| 6. | Name and address of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital | : | Krishnamurti Foundation India, Bombay Executive Committee own the Himmat Niwas, 31,Dongersey Road, Malabar Hill, Mumbai – 400 006. |

I. P. V. Dabholkar, hereby declare that the particulars give are true to the best of my knowledge and belief

Sd
( P.V. Dabholkar)

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*

**Krishnamurti Foundation India**
Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com